સ. મ. પ્રે. ગાં. (એચ) ૫૬ (૧૯૯૨-૯૩) ૩૦૦૦-૪-૯૨

નિયમિત રજાઓ વગેરે દરમ્યાન સરકારી કર્મચારીઓને પ્રવાસ રાહત અંગેની યોજના ઉદાર બનાવવા બાબત.

ગુજરાત સરકાર

## નાણા વિભાગ

ઠરાવ નં. મસભ-૨૧૯૨-૪૯૯-જ,

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૭મી માર્ચ, ૧૯૯૨.

**વંચાણમાં લીધા:**
૧. નાણા વિભાગ સરકારી ઠરાવ નં. મસભ-૨૧૬૬-૪૨૯૮-જ, તા. ૧૫-૧૦-૬૬
૨. નાણા વિભાગ સરકારી ઠરાવ નં. મસભ-૨૧૮૦-૮૬૮-જ, તા. ૧૨-૮-૮૦.
૩. નાણા વિભાગ સરકારી ઠરાવ નં. તપપ-૧૦૮૩-૧૦૮૦-(૧૮)-મ તારીખ ૨૭-૬-૮૪.
૪. નાણા વિભાગ સરકારી ઠરાવ નં. મસભ-૨૧૯૧-૧૧૧૭-જ તારીખ. ૧-૭-૯૧.

### ઠરાવ

આમુખમાં દર્શાવેલ તા. ૧૨મી ઓગષ્ટ ૧૯૮૦ના રજા પ્રવાસ રાહતના ઠરાવની જોગવાઇ મુજબ કર્મચારીને નિયમિત રજા કે પરચૂરણ રજા દરમ્યાન બે વર્ષના બ્લોકમાં એકવાર વતનની મુલાકાત અને ચાર વર્ષના બ્લોકમાં એકવાર ૧૫૦૦ કિ.મી. એક તરફની મર્યાદામાં (આવતાં-જતાંના ૩૦૦૦ કિ.મી.) ભારતના કોઈપણ સ્થળની મુલાકાત મળવાપાત્ર છે, જે બે વર્ષના બ્લોકમાં આ સવલત ભોગવવામાં આવે ત્યારે તે બે વર્ષના બ્લોકમાં મળવાપાત્ર વતનની મુસાફરીના બદલામાં ગણાશે.

૧લી જાન્યુઆરી, ૧૯૯૨થી આ જોગવાઇ ઉદાર બનાવીને ચાર વર્ષના બ્લોકમાં એકવાર ૩૦૦૦ કિ.મી. એક તરફની મર્યાદામાં (આવતાં—જતાં ૬૦૦૦ કિ.મી.) ભારતના કોઈપણ સ્થળની મુલાકાત લેવાની છૂટ આપવામાં આવી છે.

૨. જો કર્મચારી ચાર વર્ષના બ્લોકમાં રજા પ્રવાસ રાહતનો લાભ ન લે તો તેને તેવા પ્રવાસનું રોકડમાં રૂપાંતર કરવાની છૂટ આપવામાં આવે છે. આવું રૂપાંતર બે વર્ષના બ્લોકમાં મળવાપાત્ર વતનની મુસાફરીના બદલામાં ગણાય છે. અર્થાત જે તે બે વર્ષના બ્લોકમાં કર્મચારી વતન પ્રવાસ અથવા તો તેની સામે રજા પ્રવાસ રાહતનું રોકડમાં રૂપાંતરનો લાભ મેળવી શકે છે. બે વર્ષના એકજ બ્લોકમાં તેને આ બંને લાભ મળવાપાત્ર નથી. આ જોગવાઈ વધુ ઉદાર બનાવવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વકની વિચારણાને અંતે સરકાર ઠરાવે છે કે રજા પ્રવાસ રાહતના ચાર વર્ષના બ્લોકમાં જો, પ્રથમ બે વર્ષના બ્લોકમાં કર્મચારીએ વતન પ્રવાસ કે ભારતના કોઈપણ સ્થળની મુલાકાતનો લાભ લીધો ન હોય તો, ત્યાર પછીના બે વર્ષના બ્લોકમાં કર્મચારીને વતન પ્રવાસ તેમજ ભારતના કોઈપણ સ્થળની મુલાકાત એમ બંને લાભ એક સાથે મંજૂર કરી શકાશે. ઉદાહરણ રૂપે જો કોઈ કર્મચારીએ ૧૯૮૮-૯૧ના ચાર વર્ષના બ્લોક પૈકી ૧૯૮૮-૮૯ના પ્રથમ બે વર્ષના બ્લોક દરમ્યાન વતન પ્રવાસ કે ભારતના કોઈપણ સ્થળની મુલાકાતનો લાભ લીધો ન હોય તો તેને ત્યારબાદના ૧૯૯૦-૯૧ ના બે વર્ષના બ્લોક દરમ્યાન વતન પ્રવાસ અને ભારતમાં કોઈપણ સ્થળની મુલાકાત એમ બંને લાભ એકસાથે મંજૂર કરી શકાશે, વિકલ્પે જે કર્મચારી રજા પ્રવાસ રાહતનો ખરેખર લાભ ન લેવા ઈચ્છે તો રોકડમાં રૂપાંતર કરાવવાનો લાભ પણ આવા કર્મચારીને આપી શકાશે.

૩. ભારતના કોઈપણ સ્થળની મુલાકાત (મર્યાદિત કી.મી.) વતન પ્રવાસના બદલામાં મળવાપાત્ર છે. આથી જો બીજીવાર વતન પ્રવાસનો લાભ લેવો હશે તો તે પણ લઇ શકાશે. રજા પ્રવાસ રાહતની અન્ય શરતો યથાવત્ રહેશે.

૪. આ હુકમોનો અમલ ૧૯૮૮-૯૧ના ચાર વર્ષના બ્લોકથી કરવાનો રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ની. ના. મહેતા,
સરકારના નાયબ સચિવ,
નાણા વિભાગ.

[P. T. O.]

નકલ રવાના :

*રાજ્યપાલશ્રીના સચિવશ્રી,
*મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી,
બધા મંત્રીશ્રીઓના/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવો.
વિરોધ પક્ષના નેતાનાં અંગત સચિવ, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના બધા વિભાગો.
તમામ ખાતા/કચેરીના વડા.
તમામ કલેકટરશ્રી, તમામ જિલ્લા વિકાસ અધિકારીઓ
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત તકેદારી પંચ, ગાંધીનગર.
*રજીસ્ટ્રાર શ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત અમદાવાદ/રાજકોટ(ઓડીટ/એ એન્ડ ઈ)
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ /ગાંધીનગર.
તમામ તિજોરી અધિકારીઓ/તમામ મદદનીશ તપાસનીશો (સ્થાનિક હિસાબ ફંડ)
તમામ નિગમો/બોર્ડ/યુનિવર્સિટીઓ/રાજ્ય સરકાર હેઠળનાં તમામ જાહેર ઉપક્રમો
તમામ માન્ય મંડળો.
નાણા વિભાગનાં તમામ અધિકારીઓ/શાખાઓ.
(૫ નકલ 'ન' શાખા/મેન્યુઅલ શાખા)

*પત્ર દ્વારા.